જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની જુનિયર
લેક્ચરરની જગ્યાઓ નાણા વિભાગના
તા.૧૬/૨/૦૬ ના ઠરાવમાંથી મુક્તિ આપવા
બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક-ઇટીવી/૧૨૦૭/૧૪૬/ન
સચિવાલય,ગાંધીનગર.
તા. 7 [illegible]

**વંચાણે લીધો.**-(૧)નાણા વિભાગનો ઠરાવ ક્ર.ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ તા.૧૬/૨/૦૬
(૨)નિયામકશ્રી,જીસીઇઆરટી નો તા.૧૭/૧૦/૦૭ નો પત્ર.ક્ર.જીસીઇઆરટી/ડાયેટ-૧/૨૦૦૭/૭૬૦.

**આમુખઃ-**

રાજય સરકારની વિવિધ સેવાઓમા પગારના ખર્ચ ઉપર કાપના હેતુથી નવી ભરતીઓ વર્ગ-૩ અને વર્ગ-૪ ની રુ.૨૫૫૦-૩૨૦૦ થી રુ.૬૫૦૦-૧૦,૫૦૦ ના પગારધોરણવાળી તમામ સંવર્ગની નિમણુંકો પાંચ વર્ષના સમયગાળા માટે અજમાયશી તરીકે ફીકસ વેતનથી જે તે સંવર્ગમા સહાયક તરીકે કરવાનું નાણા વિભાગના વંચાણમા લીધેલ ઠરાવ અન્વયે ઠરાવવામા આવેલ છે.નાણા વિભાગનો સદર ઠરાવ ગ્રાંન્ટ ઇન એડ સંસ્થાઓને પણ લાગુ પડે છે.રાજય સરકારની કરકસરની સૂચનાઓ અન્વયે જીસીઇઆરટી અંર્તગત વિવિધ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો આવેલા છે.અને તેમા જુનિયર લેકચરર વર્ગ-૩ની જગ્યાઓ આવેલી છે.જેનુ પગારધોરણ ૫૫૦૦-૯૦૦૦ હોવાથી નાણા વિભાગના તા.૧૬/૨/૦૬ના ઠરાવથી જાહેર કરેલ નીતી મુજબ જુનિયર લેકચરર વર્ગ-૩ની નવી નિમણુંકો ફીકસ વેતનથી કરવાની થાય. જુનિયર લેક્ચરરની જગ્યા માટે ૩ કે ૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ જરૂરી છે.આ શૈક્ષણિક અનુભવ તેઓએ પ્રાથમિક શાળા,માધ્યમિક શાળા કે પી.ટી.સી.કોલેજોમા કરેલ શૈક્ષણિક કામગીરીઓનો અનુભવ છે.આ રીતે અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં રેગ્યુલર પગાર ધોરણમાં આવેલ કર્મચારી ૩ કે ૫ વર્ષનો અનુભવ ધરાવતો હોય તે સ્વાભાવિક જ નિયત પગાર ધોરણમા રૂ.૫૦૦૦ ઉપરનો પગાર મેળવતા હોય.પ્રાથમિક શિક્ષકનું પગાર ધોરણ રૂ.૪૦૦૦-૬૦૦૦ છે.માધ્યમિક શિક્ષકનું પગાર ધોરણ ૫૦૦૦-૮૦૦૦ તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષકનું પગાર ધોરણ ૫૫૦૦-૯૦૦૦ છે.આ જોતા જીસીઇઆરટીમા જુનિયર લેકચરરની નિમણુંક રૂ.૪૫૦૦ ના ફીક્સ પગારથી ભરવાની હોયતો આ જગ્યાના ભરતી નિયમો મુજબના કોઇ શિક્ષક ઉપલબ્ધ થઇ શકે નહીં.પરિણામે જુનિયર લેક્ચરરની જગ્યા ખાલી રહે છે.અને તેની સીધી અસર જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોના કામગીરી ઉપર પડે છે.આ પ્રશ્નના નિરાકરણ માટે જુનિયર લેક્ચરરની જગ્યા પુરા પગાર ધોરણમા ભરવા સરકારશ્રી સમક્ષ આમુખ ક્ર.(૨) માં દર્શાવેલ નિયામકશ્રી જીસીઇઆરટી ની થયેલ રજૂઆત ના સંદર્ભે બાબત નાણા વિભાગના પરામર્શમાં વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

જીસીઇઆરટી અંર્તગત વિવિધ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં રૂ. ૫૫૦૦-૯૦૦૦ ના પગાર ધોરણવાળી વર્ગ-૩ સંવર્ગની જુનિયર લેક્ચરરની જગ્યા નાણા વિભાગના તા.૧૬/૨/૦૬ ના ઠરાવની જોગવાઇઓ માંથી છુટછાટ આપીને ફીકસ પગારને બદલે રૂ. ૫૫૦૦-૯૦૦૦ ના પુરા પગારમાં ભરવાનું આથી નીચે જણાવેલ શરતોને આધીન ઠરાવવામાં આવે છે.

(પાછળ)

- જુનિયર લેકચરરની જગ્યાના તા.૩૦/૧/૧૯૯૦ના જાહેરનામાથી પ્રસિધ્ધ થયેલ ભરતી નિયમો માં જેનો સમાવેશ થાય છે તેટલી જગ્યા ભરવા માટે જ આ મંજુરી આપવામા આવે છે.આ સિવાયની અન્ય જગ્યાઓને આ લાગુ પડશે નહીં.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૪/૧૨/૦૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

-માન.રાજયપાલશ્રીના સચિવશ્રી રાજભવન,ગાંધીનગર.
-માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-માન.મંત્રીશ્રી (શિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી જી.સી.ઇ.આર.ટી.સે.૧૨,ગાંધીનગર.
-તમામ જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો.(જીસીઇઆરટી મારફત)
-નાણાવિભાગ ઝ.૧ શાખા, સચિવાલય,ગાંધીનગર.
-તમામ જીલ્લા તિજોરી અધિકારીશ્રી. .(જીસીઇઆરટી મારફત)
-તમામ જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ, .(જીસીઇઆરટી મારફત)
-સિલેકટ ફાઇલ શાખા/ના.સ.અવિ.